# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/ક્વા-03/૨૦૨૨-૨૩/૧૫ તા.૩૧/૦૧/૨૦૨૩

૨003ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૧/ક્વા-03/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી લીલાધર મગનલાલ મોદી, ગામ – ભાટીયા

સબડીવીઝન: ભાટીયા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, દ્વારકા

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

તારીખ: ગુરુવાર (૨૨-૧૨-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૧૨-૨૦૨૨ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,

અમો અરજદારની ઘણી જ માન તથા નમ્રતા પૂર્વક અરજ કે,અમો અરજદાર ગુજરાત રાજયના દેવભુમી દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે રહીએ છીએ. અને અમારી ફરીયાદ ની ટુંકી હકકીક્ત નીચે મુજબ છે.

(૧) અમો અરજદારની સ્વતંત્ર કબજા ભોગવટા અને કુલ માલીકીના રહેણાંક કે જે કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે દ્વારકાધીશ સોસાયટી માં આવેલ છે. જે રહેણાંક મકાનમાં અમોએ અમારા

ઘર વપરાશના હેતુસરનું વિજ કનેકશન મેળવેલ છે.અને અમારા ગ્રાહક નંબર : ૮૨૪૦૧/૦૪૪૨૧/૩ છે.અમો અમારૂં સદરહું વિજ મીટરમાં ટેકલીકલી ખામી હોય અને વિજ મીટર જમ્પ મારી ગયેલ હોવાથી મીટર ફર્યા કરતું હોવાથી અમારા રેગ્યુલર વપરાશ કરતા વધારે રીંડીંગ ના યુનીટ બતાવતા હોય જેથી વિજ મીટર રીડર એ અમારા જુન–૨૦૨૨ ના વિજ બીલમાં પણ મીટર ફોલ્ટી છે તે સબંધે "એફ" વિજ બીલમાં લખેલ છે.

(૨) અમારૂં વિજ મીટર જમ્પ મારી ગયેલ હોવાથી ખોટા વિજ યુનીટ વપરાશ થયેલ હોવાનું બતાવતા હોવાથી અમોએ અરજદારએ આ કામના સામાવાળાના કચેરી માં તારીખ : ૦૪/૦૭/૨૦૨૨ ના રોજ 'ફોલ્ટી મીટર બદલવા બાબત'ની લેખીત માં અરજી કરેલ અને તે અરજી અન્વયે આ કામના સામાવાળાની કચેરી દ્વારા મારી પાસેથી જરૂરી ફી,ચાર્જ પહોંચ નં.૫૩૩૦૦૧,તારીખ : ૦૪/૦૭/૨૦૨૨ થી વસુલ કરવામાં આવેલ છે.ત્યારબાદ અમારી અરજી અન્વયે આ કામના સામા વાળાની કચેરીના અધિકૃત જવાબદાર કર્મચારીઓ અમારા રહેણાંકના મકાનએ તારીખ : ૦૯/૦૭/૨૦૨૨ ના રોજ આવેલ અને સદરહું ફોલ્ટી વિજ મીટર ઉતારેલ અને તે અંગેનું પરફોમા-૧૫, ચેકીંગ સીટ નં. ૬૬૩૭૮ ભરેલ ત્યારબાદ સદરહું ફોલ્ટી વિજ મીટર દ્વારકા ખાતે દ્વારકા સબ–ડીવીઝનમાં લેબોરેટરી કરેલ અને તે અંગેનો અહેવાલ નં.૧૩૮૭૫,તારીખઃ ૨૪/૦૮/૨૦૨૨ ના રોજ મીટર તપાસી પરત આ કામના સામાવાળાની કચેરીને આપેલ.

(૩) સદરહું અહેવાલની વિગત જોવામાં આવે તો અમારા વિજ મીટરમાં કોઈ ક્ષતી જોવા મળેલ નથી તેવું જણાવેલ છે.પરંતુ અમારા ગ્રાહક નંબરના આધારે અમારા વિજ યુનીટની હીસ્ટ્રી જોવામાં આવે તો ડીસેમ્બર–૨૦૨૧ માં ૬૩૧ યુનીટ, ફેબ્રુઆરી–૨૦૨૨ માં ૨૮૪ યુનીટ, એપ્રિલ-૨૦૨૨ માં ૩૮૬ યુનીટ અને જુન–૨૦૨૨ માં ૨૨૩૩ યુનીટનું બીલ આવેલ છે આમ અમોએ માં કોઈ મોટા ઈલેકટ્રીક સાધનો,ગેઝેટસ વસાવેલ નથી અને અમારો વપરાશ રેગ્યુલર વપરાશ છે તેમ છતાં અમારૂં વિજ મીટર જમ્પ મારી ગયેલ હોય ફોલ્ટી ચાલુ વર્ષ હોય તેમ છતાં ખોટું વિજ બીલ આપી લેબોરેટરી માં યોગ્ય તપાસ કર્યા સિવાય અહેવાલ આપી મોટી રકમનું ખોટું બીલ આપેલ છે.

(૪) ત્યારબાદ અમો અરજદાર અનેક વખત સામાવાળાની કચેરીની મુલાકાત એ ગયેલ અને વારંવાર મૌખીક રજુઆત/દલીલ કરેલ અને અમારા ઘરે ઈલેકટ્રીક સાધનો તથા વિજનો વપરાશ થતો હોય તેવા સાધનોનું પંચનામું કરી અને ફરીથી મીટર લેબોરેટરી માં મુકવા બાબતે જાણ કરી યોગ્ય નિર્ણય કરવા જણાવેલ અને અમોએ આ કામના સામાવાળાને જણાવેલ કે અમારૂં વિજ મીટર જમ્પ મારી ગયેલ છે તેવું પ્રથમદૃષ્ટિએ જણાઈ આવે છે તેમ છતાં ખોટું બીલ પરત ના ખેંચી ધરારથી અમોને વિજ બીલ ભરવા માટે આગ્રહ કરવામાં આવે છે. તેમજ આ કામના સામાવાળાએ આંખ આડા કાન કરી અમારી લેખીત કે મૌખીક કોઈ રજુઆત ધ્યાને લીધેલ નહીં.

(૫) તેમજ અમોને હાલમાં વિજ પુરવઠો પુરતો મળે છે.પરતું અમારા વપરાશ કરતાં અનેક ગણાં વધારે યુનીટનું વીજ બીલ મળેલ છે જે અમારા માટે આઘાતજનક છે. અમો જે વપરાશ કરીએ છીએ તેના પ્રમાણમાં જે નવું વિજ બીલ આવે તે ભરવા અમો રાજી અને ખુશી છીએ.આ કામના સામાવાળાની ભુલ ના કારણે અમો અરજદારને આર્થિક,માનસિક નુકશાની ભોગવવી પડેલ છે અને

આ કામના સામાવાળાને અનેક વખતમૌખીક/લેખીત રજુઆત/અરજી કરેલ હોવા છતાં અમારી એક પણ રજુઆત/અરજી ઉપર સામાવાળા ધ્યાન આપેલ નથી.

(ડ) અમો રેગ્યુલર વીજબીલ ભરતા હોવા છતાં ફોલ્ટી વિજ મીટરના લીધે જમ્પ મારી ગયેલ હોવા છતાં ખોટું વિજ બીલ આપી અમારી પાસેથી તે રકમ ઉઘરાવવા માટે આ કામના સામાવાળા અમારી પાસે આગ્રહ રાખે છે. આ કામના સામા વાળાની કચેરીના સ્ટાફની ટેકનીકલ ભુલના કારણે અમારી સાથે અન્યાય થયેલ છે અને આ કામના સામાવાળાએ તે ભુલ સુધારવા કોઈ પગલા લીધેલ નથી અને ભુલ હોવાં છતાં અને રેકર્ડ ઉપર હોવા છતાં આંખ આડા કાન કરી અમોને આર્થિક માનસીક રીતે હેરાન પરેશાન કરી રહેલ છે.

વાસ્તે આ ફરીયાદ અરજી લાવી દાદ માંગવાની કે,

(અ) પી.જી.વી.સી.એલ.કચેરી–ભાટીયા અમોને ખોટી રીતે હેરાન, પરેશાન કરી કયા કારણોસર પોતાની કચેરીની ભુલ હોવા છતાં અમારૂં ફોલ્ટી વિજ મીટર જમ્પ કરી ગયેલ હોવા છતાં ખોટા યુનીટ દર્શાવતું વિજ બીલ રદ કરેલ નથી તે અંગેનો લેખીત ખુલાસો અપાવવો.

(બ) અમારો રેગ્યુલર વપરાશ કરતાં અનેક ગણા વધારે વિજ યુનીટ વપરાશ થયેલ હોવાનું જુન-૨૦૨૨ માં વિજ બીલમાં દર્શાવેલ હોય જે વપરાશ અમોએ કરેલ નથી તેમ છતાં ખોટા યુનીટ જણાવેલ હોય જે આ કામના સામાવાળા પુરવાર કરી આપે.

(ક) અમોને વિજ મીટર લેબોરેટરીમાં તપાસણી અર્થે કયાં જવાનું છે તે સ્પષ્ટ કરેલ ના હોવાથી તથા કચેરીનું કોઈ નામ,સરનામું આપેલ ના હોવાથી અમો વિજ મીટર લેબોરેટરીમાં તપાસણી અર્થે ગયેલ નથી જેથી ફરીથી અમારી હાજરીમાં વિજ મીટર લેબોરેટરીમાં તપાસણી કરવાનો હુકમ ફરમાવવો.

(૮) આ ફરીયાદ અરજી સાથે જરૂરી આધારપુરાવાઓ,ડોકયુમેન્ટસ લીસ્ટ રજુ, સરનામા યાદી છે. જરૂરીયાત ઉપસ્થિત થયે વધારે પુરાવા રજુ કરવાનો હકક અબાદીત રાખીએ છીએ. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર શ્રી મોદી લીલાધર મગનલાલ તા.૨૪.૦૪.૧૨ ના રોજ થી પીજીવીસીએલ ભાટિયા પેટા વિભાગીય કચેરી માં ગ્રાહક નં. ૮૨૪૦૧/૦૦૪૪૨૧/૩ માં મીટર નં. ૨૩૦૬૮૦૨ થી કનેક્શન ધરાવે છે. મિટર રીડિંગ પ્રોગ્રામ મે-જુન -૨૦૨૨ દરમિયાન મિટર માં ૩૨૪૫૪ રીડિંગ આવેલ જયારે તે મીટર ના પાછલા રીડિંગ ૩૦૨૨૧ રીડિંગ હતા આથી ૨૨૩૩ રીડિંગ એવરેજ કરતાં વધુ રીડિંગ આવેલ આથી મીટર રીડર દ્વારા તે સમયે ગ્રાહક ને ફોલ્ટી નું ૪૩૦ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. ત્યાર બાદ ગ્રાહકની તારીખ.૦૪.૦૭.૨૦૨૨ ના રોજની અરજી ના આધારે તેમનું મીટર તારીખ ૦૯.૦૭.૨૦૨૨ ના રોજ પ્રફોમા-૧૫ મા વિગતો ભરી મીટર ઉતારી નવુ મીટર લગાડવામાં આવેલ ત્યારબાદ આજ મીટરનું તા. ૨૪.૦૮.૨૦૨૨ ના રોજ લેબમા પરીક્ષણ કરતા છેલા રીડિંગ ૩૨૫૯૨ આવેલ. જેમાં કોઇ ટેકનિકલ ખામી જોવા મળેલ નથી આથી ગ્રાહકને આપવામાં આવેલ બિલ ભરવા પાત્ર થાય છે. અને જે માસમાં રીડિંગ દરમિયાન ૪૩૦ યુનિટનું બિલ આપવામાં આવેલ તે તારીખ ૨૫.૧૧.૨૦૨૨ ના રોજ તેમના કનેક્શન માં જમા આપી દીધેલ છે. આથી લેબમાં મીટર યોગ્ય આવેલ તેમના ટોટલ યુનિટ ૩૦૨૯ (જુના મિટરના ૨૩૭૧ + નવા મીટરના ૬૫૮) નું બિલ ૨૩૬૬૮.૮૧ નું

બિલ આપેલ છે તે યોગ્યજ છે. આમ ગ્રાહકશ્રી સાથે કોઈ જ અન્યાય કરવામાં આવેલ નથી તથા નિયમોનુસાર જ બિલ આપવામાં આવેલ છે જે એમને ભરવા પાત્ર થાય છે.

**:: હુકમ ::**

૪.૦ અરજ્દારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર અરજદાર શ્રી નું મીટર લેબ મા ટેસ્ટિંગ કરવામાં આવેલ છે. અને મીટર મા રીડિંગ બરાબર આવેલ છે. તેમજ મીટર નો એમ.આર.આઈ. પણ કરવામાં આવેલ છે. જેમાં ૪.૪૨ એમ.ડી. જોવા મળેલ છે.

૪.૨ એમ.આર.આઈ. લેતી વખતે ૩૨૫૯૩ યુનિટ જોવા મળેલ છે. તેમજ અરજદાર શ્રી નું મીટર બદલાવવામાં આવેલ છે તેમાં પણ વપરાશ યોગ્ય માલૂમ પડેલ છે.

૪.૩ ઉપરોક્ત બાબતે ધ્યાને લેતા અરજદાર શ્રી ને જે પેન્ડિંગ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે તે સ્લેબ વાઈઝ કરી રિવાઈઝ બિલ આપવું. અને તે બિલ અરજદાર શ્રી એ ભરવાપાત્ર થાય છે.

૪.૪ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧